# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### ''મોહનવરને માન સંગાથે વેરજો''

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

''રસબસ હોઈ રહી રસિયા સંગ,
જ્યું મીસરી પયમાંહી ભળી''

એકવાર જીવ જ્યારે પ્રભુ પ્રેમમાં ઓગળી જાય, ભક્તિ રસમાં તરબોળ થઈ જાય પછી ઠાકોરજી તેનાથી દૂર થઈ શકતા નથી. પણ પ્રભુ પ્રેમમાં ઓગળવું ઘણું કઠણ છે. અહંકાર જીવને પ્રભુ ભક્તિમાં લીન થવામાં વિઘ્નરૂપ બની જાય છે. અહં દૂર કરવો એ પણ બહુ કઠણ કામ છે. કોઈ ડોકટર એમ કહે કે વજન ઘટાડી નાખો તો ખોરાક ઓછો કરી દઈએ. તો વજન ઘટાડી શકીએ એ આપણા હાથની વાત છે. પણ કોઈ શાસ્ત્ર, કોઈ સંત એમ કહે કે હવે અહં ઘટાડી નાંખો. તમારામાં અહંની માત્રા વધારે છે. ડેન્જર લાઈન ઉપર છે માટે સાવધાન થાઓ. પરંતુ એ અહં ઘટાડવો કેવી રીતે ? જ્યારે પરમાત્માની કૃપા ભળે ત્યારે, કોઈ એવા દૈવી શક્તિ કે સત્પુરુષની પ્રાપ્તિ થાય અને એના વચન પ્રમાણે જીવ વર્તે તો અહંકાર ઘટે.

એક ભારે અહંકારી મનુષ્ય પોતાને સિધ્ધ પુરુષ માનતો હતો. આંધ્રપ્રદેશ બાજુનો એ વતની હતો. તેમની પાસે થોડી સિધ્ધિઓ હતી. પણ એ સિધ્ધિઓ કરતાં પણ વધારે અહંકાર હતો. ''કોઈ આવે મારી સામે, ખબર પાડી દઉં.'' આ કહેવાતો સિધ્ધ એકવાર પોરબંદરના રાજા પાસે પહોંચ્યો. રાજા સામે જોઈને હાંક મારી. ''દશ હજાર રૂપિયા આપી દે. નહીં તો તારું શહેર દરિયામાં ફેંકી દઈશ. હું એવા મંત્રો બોલીશ જેથી સમુદ્રના તોફાની મોજા તારું શહેર તાણી જશે.''

રાજા બુધ્ધિશાળી હતો તેણે વિચાર્યું કે આને કોઈ યુક્તિથી વિદાય આપવી પડશે. તેમણે સિધ્ધને કહ્યું, હે સિધ્ધ ! એક સાચી વાત કહું .મારા જેવા નાના રાજાને પરેશાન કરવાથી તમારી વાહ વાહ નહીં થાય પણ તમે સ્વામિનારાયણ પાસે જાઓ, એમને કાબુમાં લો. અંકુશમાં લો તો તમારી સિધ્ધાઈની કસોટી થાય. બાકી મારા જેવાને ડરાવો, ધ્રુજાવો એમાં તમારી સિધ્ધાઈની કસોટી નથી. ક્યાં છે એ સ્વામિનારાયણ ? આ ગુજરાત સૌરાષ્ટ્રમાં ફરે છે. આ સિધ્ધને તો અભિમાન હતું. સ્વામિનારાયણ કોણ ? તેને વશ કરવા મારા માટે તો ચપટીનો ખેલ છે. હમણાં જ સ્વામિનારાયણને વશ કરીને પછી તારી પાસે આવું છું એમ રાજાને કહી મગ્નિરામ સિધ્ધ સ્વામિનારાયણ ભગવાન માંગરોળમાં બિરાજેલા ત્યાં સભામાં આવી પહોંચ્યા.

એવું અદ્‌ભુત દિવ્ય વાતાવરણ હતું. વાતાવરણમાં એવી દિવ્યતા, શીતળતા વ્યાપેલી હતી કે પ્રવેશતાં જ હૃદય શિતળ થઈ જાય. જેમ એસી રૂમમાં કોઈ દાખલ થાય તેને તરત જ શિતળતાનો અનુભવ થાય પણ કોઈએ જાકીટને, કોટને, ટાઈને મોજા આ બધું પહેર્યું હોય તેને શિતળતાનો અનુભવ થતાં થોડી વાર લાગે. એમ આ સિધ્ધને આવું દિવ્ય શાંત વાતાવરણ સ્પર્શી ન શક્યું. કારણ કે તેણે પોતાનાં મન ઉપર અહંકારના ઝાકીટો ચઢાવેલાં હતાં. તેણે તો પ્રવેશતાંની સાથે સીધી હાંક મારી, જીવવું હોય તો મારે શરણે થઈ જાઓ. પણ જ્યાં પ્રભુની દૃષ્ટિ તેના ઉપર પડતાં જ આ સિધ્ધ તો એકદમ નર્વસ થઈ ગયો. કશું ચાલ્યું નહીં. એટલે ધૂંધવાતા ધૂંધવાતા પોતાને ઉતારે જઈને મંત્ર, તંત્રની આરાધ્ય દેવીને બોલાવી અને કહેવા લાગ્યો કે મા ! તારી કૃપાથી, તારી આપેલી સિધ્ધિની તાકાતથી હું બધે વિજેતા થતો આવ્યો છું પણ આ સ્વામિનારાયણ પાસે મારું કેમ કાંઈ ચાલ્યું નહીં ?

શક્તિએ તો ધડાકો જ કર્યો - હે મૂર્ખ ! એ તો સાક્ષાત્ પરમાત્મા છે. મારા જેવી અનંત શક્તિઓનાં સ્વામી છે. તારે મોક્ષની પ્રાપ્તિ કરવી હોય તો તેમના ચરણમાં નમસ્કાર કર એનું શરણું સ્વીકારી લે. જ્ઞાન તો હતું પણ ઉપર જે અહં રૂપ કાટ લાગી ગયો હતો તે આ દૈવી શક્તિએ દૂર કરી દીધો.

બીજા દિવસે ફરી એવી જ સભા, એવું જ શાંત વાતાવરણ હતું. ત્યાં આ સિધ્ધ આવ્યો. સંતો, ભક્તો અને સ્વામિનારાયણ ભગવાનને વંદન કર્યા અને હાથ જોડીને માફી માંગવા લાગ્યો. મને માફ કરો. તમારે શરણે લ્યો. સ્વામિનારાયણ ભગવાને જોયું. નમ્યો તો સાચું પણ તેનો અહંકાર રૂપ કાંટો ઓગળવા માટે પ્રભુ બોલ્યા, ''અમારે શરણે તો લઈએ પણ જો આ તમારા મોટા લાંબા વાળ ઉતરાવીને રસ્તામાં નાંખી દો. જે કોઈ આવે એ તમારા વાળ ઉપર પગ મુકીને આવે.'' જેવી આજ્ઞા ! વાળંદને બોલાવીને એ કામ પુરુ કર્યું. પછી એથી પણ અઘરી કસોટી કરી.

તમારે અમારી સાથે અહીં રહેવું હોય તો અમારા સંતો, ભક્તોના જોડાનો ઢગલો બહાર પડ્યો છે તે બધા ભેળા કરી વસ્ત્રના ટૂકડામાં ગાંઠડો બાંધી માથા ઉપર મુકી અને આ સભાને ત્રણ પ્રદક્ષિણા કરો. જેવી આજ્ઞા થઈ તરત જ એનું પણ પાલન કર્યું. ધન્ય છે એ નમ્રતાને ! કોઈ કાચો પોચો હોય તેને એમ થઈ જાય કંઠી બાંધવી હોય તો



બાંધો નહીં તો બીજે જઈશું. કાંઈ તમે એક જ થોડા છો. પણ ધન્ય આ સિધ્ધ મગ્નિરામની નમ્રતાને ! સ્વામિનારાયણ ભગવાનને ખાત્રી થઈ કે હવે અહં ઓગળી ગયો છે ત્યારે પોતાના શરણે લીધા, સંત બનાવ્યા અને અદ્વૈતાનંદજી નામ આપ્યું. પણ તે દેવીવાળા મગ્નિરામ તરીકે ઓળખાતા.

સ્વામિનારાયણ ભગવાન તો સર્વાન્તર્યામી બધું જાણતા જ હતા તો પણ આ ચરિત્ર, આ કસોટી આપણા ઉપદેશ માટે હતી કે જ્યાં સુધી જીવમાં અહંકાર હશે ત્યાં સુધી એ પરમાત્મા સાથે જોડાઈ શકતો નથી. અહંકારી જીવ પરમાત્માના શરણે પહોંચી શકતો નથી. માટે હે ભક્તો ! આવું દિવ્ય વાતાવરણ, સારો ભક્તિનો, ભજનનો, સત્સંગનો યોગ આપણને ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયો છે તો આપણે પણ વિનમ્ર થઈને, નિર્માની થઈને ઠાકોરજીના શરણમાં રહીશું તો બ્રહ્માનંદ સ્વામીના આ શબ્દો આપણા જીવનમાં પણ સાર્થક થયા ગણાશે.

"રસબસ હોઈ રહી રસિયા સંગ,
જ્યું મીસરી પયમાંહી ભળી...."

●

**સેવકરામના સગાભાઈ**

- નારાયણ બી. જાની (ગાંધીનગર)

સ્વામિનારાયણ ભગવાને પ્રથમના દશમાં વચનામૃતમાં સેવકરામની વાત સ્વમુખે કહી છે. જ્યારે સ્વામિનારાયણ ભગવાન વર્ણિવેશે વિચરણ કરતા કરતા તિરૂપતી બાલાજીથી શેતુબંધ રામેશ્વર જતા હતા ત્યારે રસ્તામાં કોઈ વૈરાગી રોગના કારણે કણસતો હતો. સ્વામિનારાયણ ભગવાનનો સ્વભાવ - "અતિ દયાળુ રે, સ્વભાવ છે સ્વામિનો...." દયાના કારણે સ્વામિનારાયણ ભગવાન તેની પાસે રોકાયા. તેને લોહીખંડ પેટ બેસણું એવું દર્દ થઈ ગયું હતું તેથી પેટમાં અન્ન તો શું, પાણી પણ ન ટકે એવી તેની દશા થઈ ગઈ.

કૃપાળુ પરમાત્માએ તેની સેવા ચાકરી ચાલું કરી. કેળના પાનની એક હાથ ઊંચી પથારી કરી આપે, તે બગાડે તો ફરી બીજી. પણ પરમાત્મા જેની સારવાર કરી આપે, તેને રોગ રહે ખરો ! સેવા-ચાકરી કરતા કરતા તો એક માસે તે સાજો થયો. ધીમે ધીમે અનાજ ટકવા માંડ્યું. મહારાજ કહે છે "એક શેર ઘી પચાવે તેવો સમર્થ થયો." જે પ્રભુએ તેમની યાત્રા અટકાવીને તેની સેવા-ચાકરી ન કરી હોત વડના ઝાડ નીચે જ રાડો પાડતો મૃત્યુ પામત. પણ તેના સદ્નસીબે પરમાત્મા મળ્યા. પ્રભુ સ્વયં ભીક્ષા માગી લાવી તેને જમાડે અને પોતાને ઉપવાસ પણ થાય તો પણ ચાકરી કરતા. અને જ્યારે એ સંપૂર્ણ સાજો થયો અને ત્યાંથી ચાલતા થયા ત્યારે પોતાનું વજનદાર એક મણ વજન ભરેલું પોટલું કૃશકાય વર્ણીરાજ પાસે ઉપડાવીને પોતે ઠાલો ચાલે. તેને તો થઈ ગયું સારો શિષ્ય મળી ગયો છે. આટ આટલી સેવા શ્રીહરિએ સ્વયં કરી છતાં કશો ગુણ નહીં. મહારાજ બાજુમાં બિરાજતા હોય, ભૂખ્યા હોય અને પ્રભુ જે ભિક્ષામાં લાવ્યા હોય તેને એકલો જ ઝાપટી જતો. આવો જે હોય, પોતાના ઉપર ઉપકાર કરનારનો પણ જેના હૃદયમાં ગુણ ન હોય તેવાને કૃતઘ્ની કહ્યો છે. શ્રીહરિ સ્વયં કહે છે કે - "પછી અમે કૃતઘ્ની જાણી તેના સંગનો ત્યાગ કર્યો."

આ તો વાત થઈ સેવકરામની પણ તમે કોઈ સેવકરામના સગા ભાઈને ઓળખો છો ? ખ્યાલ છે એના ભાઈઓ વિશે ? તો આજે થોડો પરિચય સેવકરામના ભાઈ વિશે પણ કેળવીએ ? તમે વિચારો તે ખ્યાલ આવશે કે ભગવાનના ઉપકારો આ જીવો પર કેટલા બધા છે !! દા.ત. જન્મ થતાં પહેલાં માતાના ઉદરમાં બાળકની અદ્‌ભુત રીતે રક્ષા કરી છે. ત્યારથી જ એ જીવને પોષણ મળે તેની વ્યવસ્થા. બાળક જન્મે દાંત ન હોય ત્યારે એ શું ખાય ? તો માતાના રૂધિરમાંથી દૂધ બનાવીને બાળકના પોષણની અજબ વ્યવસ્થા કરી. આ શરીરની રચના - આંખથી તમામ દ્રશ્યો જોઈ શકાય, કાનમાં એવી વ્યવસ્થા કરી તે અવાજના મોજાને ઝીલી શકે. શબ્દને પારખી શકે. સુગંધ કે દુર્ગંધ પારખવાની લેબોરેટરી એટલે નાક, મોઢામાં એવી પ્લેટ કરી કે તમામ સ્વાદની જાણ થાય.

આટલું ઓછું હોય તેમ હાથ, પગ, ફેંફસા, કીડની, આંખો કાન કે જેની કિંમત આંકી ન શકાય તે બધા પાર્ટસ બબ્બે આપ્યા. વિચારતો કરો - કોઈ માણસ તમને મદદ માટે રોકડા રૂપિયા આપે છે તો પછી વ્યાજ માંગે અને ઉઘરાણી કરે છે. જ્યારે પરમાત્માએ આટલું બધું આપ્યું છે પણ એનો બદલો માંગતા નથી. ખેતરમાં બાજરીનો એક દાણો નાંખ્યા પછી તેના બદલામાં કેટલા બધા દાણા જમીનમાંથી મળે છે ? આ ઉપકાર કોનો છે ? ઘરમાં ચકલીમાં પાણી આવે છે તેના બદલામાં સરકાર ટેક્સ વસુલે છે પણ પરમાત્મા અમૃત જેવા મીઠા પાણી આકાશમાંથી જમીન પર વરસાવે છે. તેના બદલામાં આપણી પાસે કોઈ દિવસ ટેક્સ માંગ્યો ? ઘરમાં વિજળીના દિવા કરીએ, પંખા ફેરવીએ તો મહિનો થતાં તેનું બીલ આવી જાય છે. જ્યારે ભગવાને પ્રકાશ માટે સૂર્યને સદા પ્રકાશિત રાખ્યો, રાત્રે ચંદ્રની વ્યવસ્થા કરી, હવા માટે સદાય પંખા ચાલું રાખ્યા (પવન) છતાંય તેનું કોઈ દિવસ બીલ આવ્યું ? આ વિચાર કર્યો છે કોઈ દિવસ?

આ રીતે વિચાર કરો તો આખું પુસ્તક પણ ઓછું પડે. કહેવાનું કે આવા દયાળુ પરમાત્મા શ્રીહરિએ જીવના સુખ માટે અથાગ સગવડો કરી આપી છે છતાં જો જીવ પ્રભુની ભક્તિ ન કરે, પોતાની આવકમાંથી પ્રભુનો ભાગ કાઢ્યા વગર એકલો જ ખાય, એકલો જ વાપરે, આવા દેવ દુર્લભ માનવદેહથી સેવા-ઉપાસના-સત્સંગ ન કરે તો આવો જે મનુષ્ય છે તે પુરો કૃતઘ્ની છે. તે જ કહેવાય. "સેવકરામનો સગો ભાઈ" એ વાતમાં જરાય શંકા નથી. અને આવા જે સેવકરામ અને તેના ભાઈઓનો ભગવાન કૃતઘ્ની જાણીને ત્યાગ કરી દે છે.

માટે આપણે સતત એ વાતનું અનુસંધાન રાખવું કે આપણું નામ આ સેવકરામના ભાઈઓમાં તો નથી આવતું ને !!!!!